# જાહેર નિવિદા નં. ૧૨ (૨૦૧૪-૨૦૧૫)

ગુ.રા.મા.વા.વ્ય.નિગમના ફંડ અંતર્ગત **મુખ્ય બાંધકામ ઈજનેર, ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, બાંધકામ ખાતુ, વહીવટી બિલ્ડીંગ, મધ્યસ્થ યંત્રાલય, કૃષ્ણનગર નરોડા, અમદાવાદ-૩૮૨૩૪૬** તરફથી અધિકૃત વિક્રેતા પાસેથી નિગમના ૩૫ બસ સ્ટેશનો ખાતે વોટર કુલર, વોટર પ્યુરીફાયર અને સ્ટેબીલાઈઝર સપ્લાય કરવા અન્વયેના ટેન્ડરો મંગાવવામાં આવે છે. જે કોલમ નં. ૬ માં દર્શાવેલ તારીખના રોજ આ કચેરીને ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી મોકલી આપવાના રહેશે. અધિકૃત વિક્રેતાઓ તરફથી તેઓના પ્રમાણીત રજીસ્ટ્રેશનની નકલ, ભાગીદારી દસ્તાવેજો વિગેરે રજુ કરવાના રહેશે. આ પ્રકારનાં કામોના ટેન્ડરો લોડ કરતી એજન્સીઓએ ધ્યાને લેવાનું રહેશે કે, સરખાજ પ્રકારની કામગીરી એસ.ટી. નિગમ કે સરકારશ્રીના સબંધીત વિભાગોમાં છેલ્લા ત્રણ વર્ષમાં તેટલીજ રકમના જથ્થાની સપ્લાય કર્યા બાબતની પ્રમાણીત નકલો નિયત તારીખ સુધીમાં રજુ કરવાની રહેશે.

આ પ્રકારની લાયકાત ન ધરાવનાર એજન્સીઓએ ટેન્ડર ન ભરવાની ભલામણ છે.

- ટેકનીકલ બીડ ઓપન કરવાની તા.૧૯-૦૧-૨૦૧૫ના ૧૫-૩૦ કલાક
- કોમર્શીયલ બીડ ઓપન કરવાની તા.૨૩-૦૧-૨૦૧૫ના ૧૫-૩૦ કલાક

| નં. | વિભાગનું નામ | વોટર કુલર સપ્લાય કરવાનું સ્થળ | ટેન્ડરની અંદાજીત રકમ | (૧) બાનાની રકમ (૨) ભાવ પત્રકની કિંમત | (૧) ભાવપત્રક આપવાની તારીખ (૨) ભાવપત્રક સ્વીકારવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| **ઈ-ટેન્ડરીંગથી મોકલવાના થતા ટેન્ડરો** | | | | | |
| ૧ | ઉતર ઝોન મહેસાણા ભુજ | પાટણ, બહુચરાજી, ચાણસ્મા, હારીજ, ખેરાલૂ, વડનગર, અંજાર, નખત્રાણા, નલીયા બસ સ્ટેશનો | ૬૨૭૨૦૦.૦૦ | ૬૨૭૨.૦૦<br>૯૦૦.૦૦ | તા.૨૫/૧૨/૧૪થી તા.૧૧/૦૧/૧૫<br>તા.૧૨/૦૧/૧૫થી તા.૧૮/૦૧/૧૫ |
| ૨ | મધ્ય ઝોન અમદાવાદ નડિયાદ | ધોળકા (જુનું), ધંધુકા, બાવળા, નડિયાદ (જુનું), આણંદ (નવું), બાલાસિનોર, કપડવંજ, પેટલાદ, ખંભાત, મહુધા, માતર બસ સ્ટેશનો | ૭૬૬૭૦૦.૦૦ | ૭૬૬૭.૦૦<br>૯૦૦.૦૦ | તા.૨૫/૧૨/૧૪થી તા.૧૧/૦૧/૧૫<br>તા.૧૨/૦૧/૧૫થી તા.૧૮/૦૧/૧૫ |
| ૩ | દક્ષિણ ઝોન ભરૂચ ગોધરા સુરત વલસાડ | અંકલેશ્વર (જી.આઈ.ડી.સી.), ઝઘડીયા (નવું), ગોધરા (લાલબાગ), લુણાવાડા, ઝાલોદ, બારડોલી (હાઈવે), સોનગઢ, આહવા બસ સ્ટેશનો | ૫૫૭૬૦૦.૦૦ | ૫૫૭૬.૦૦<br>૯૦૦.૦૦ | તા.૨૫/૧૨/૧૪થી તા.૧૧/૦૧/૧૫<br>તા.૧૨/૦૧/૧૫થી તા.૧૮/૦૧/૧૫ |
| ૪ | સૌરાષ્ટ્ર ઝોન ભાવનગર જુનાગઢ રાજકોટ | ભાવનગર, મહુવા, તળાજા, પોરબંદર, ઉપલેટા, મોરબી, વાંકાનેર બસ સ્ટેશનો | ૪૮૭૯૦૦.૦૦ | ૪૮૭૯.૦૦<br>૯૦૦.૦૦ | તા.૨૫/૧૨/૧૪થી તા.૧૧/૦૧/૧૫<br>તા.૧૨/૦૧/૧૫થી તા.૧૮/૦૧/૧૫ |

ઉપરોકત કામોની બાનાની રકમ માટે મુખ્ય બાંધકામ ઈજનેરશ્રી, અમદાવાદનાં નામનો લેટેસ્ટ આર.બી.આઈ. ની સુચના મુજબનો ડીમાન્ડ ડ્રાફટ ટેકનીકલ બીડ સાથે મધ્યસ્થ કચેરી ખાતે જમા કરાવવાનો રહેશે. બાનાની રકમ સિવાયના ભાવપત્રક ગણતરીમાં લેવામાં આવશે નહીં. બાનાની રકમ ભર્યા અંગેની પહોંચ અથવા ડીમાન્ડ ડ્રાફટ ભાવપત્રકના સપોર્ટીંગ ડોક્યુમેન્ટ સાથે મધ્યસ્થ કચેરી ખાતે રજીસ્ટર પોસ્ટ/સ્પીડ પોસ્ટ/રૂબરૂ સ્વીકારવામાં આવશે.

**અધિકૃત વિક્રેતાએ ડોક્યુમેન્ટ રજુ કરતી વખતે પરબીડીયા ઉપર કામનું નામ, ભાવપત્રક ઉપર ટેન્ડર મોકલવાની તારીખ સ્પષ્ટ રીતે વંચાય તેમ લખવી ખાસ જરૂરી છે.**

ઉપરોકત કામની જાહેર નિવિદાની વિગતો www.statetenders.com તથા www.gsrtc.in ઉપર જોઈ શકાશે, તેમજ સદર કામના ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરીને સબમીટ કરી શકાશે. ટેન્ડર ભરનાર એજન્સીએ નીચેની શરતો ધ્યાને લેવા વિનંતી છે.

(૧) ટેન્ડર ભરનાર વ્યક્તિઓને સબમીશન કરતાં પહેલા નિયત કરેલ તારીખથી અગાઉ જે તે સ્થળની મુલાકાત લેવાની સલાહ છે. ટેન્ડર ભરનાર તમામ સંબંધિત દસ્તાવેજો, નમુના, સ્થળ વિગેરેનું નિરીક્ષણ કરે કે નહીં તો પણ તે અંગેની પુર્ણ જાણકારી છે એવું માનવામાં આવશે.

(૨) ટેન્ડર ભરનાર ટેન્ડર મોકલે એમાં એવું અભિપ્રેત છે કે એણે આ નોટીસ અને વિગતો, અધિકૃત વિક્રેતાને લગતા બીજા બધા દસ્તાવેજો વાંચ્યા છે અને વોટર કુલર, વોટર પ્યુરીફાયર, સ્ટેબીલાઈઝર સપ્લાય કરવાનું કાર્યક્ષેત્ર અને વિશિષ્ટ વિગતો અને સપ્લાય કરવાના અમલ પર અસર કરતા બીજા પાસા અંગેની જાણકારી મેળવી છે.

(3) એજન્સીઓએ એ ધ્યાને લેવાનું રહેશે કે જે સ્થળે સપ્લાય કરવાના ભાવપત્રકો મંગાવવાના થતા હોય તેવા તમામ સ્થળનાં ટેકનીકલ બીડ કવરમાં ટેન્ડર મુજબ પુરતા ડોક્યુમેન્ટ સાથે રજુ કરવાના રહેશે. એકજ કવરમાં એક કરતાં વધુ ટેન્ડરોની વિગતો સ્વીકાર્ય બનશે નહીં તથા આવા બીડ નોન રીસ્પોન્સીવ ગણવામાં આવશે, જેની તમામ એજન્સીઓએ નોંધ લેવી.

(૪) એજન્સીઓએ ખાસ ધ્યાને લેવું કે ટેકનીકલ બીડ ડોક્યુમેન્ટ ૧૨ ઈંચ x ૧૫ ઈંચ સાઈઝના મોટા કવરમાંજ મોકલવા, જેથી કરીને તમામ ડોક્યુમેન્ટ વ્યવસ્થિત રીતે સચવાઈ રહે.

(૫) ટેન્ડર ભરનારે ટેન્ડરમાં ભરેલ ભાવના ટકા આંકડા તેમજ શબ્દોમાં જણાવવા. દરેક બાબત માટેની રકમ ગણી કાઢવી અને જરૂરી સરવાળા કરવા. ભાવ, ટકા, આંકડા તેમજ શબ્દોમાં બંનેમાં લખવા અને રકમ ફક્ત આંકડામાં એવી રીતે લખવી કે પાછળથી તેમાં કોઈ ફેરફાર કરી શકાય નહીં. કુલ રકમ આંકડામાં અને શબ્દોમાં બંનેમાં દશાંસના બે આંકડા સુધી અચુક રકમ લખેલ હોવી જોઈએ.

(૬) ટેન્ડરના નમુનામાં જ બધા ભાવો જણાવવાના રહે છે.

(૭) જે એજન્સીએ આ કામ માટે ટેન્ડર ભર્યું/ ભરવાના હોય તેણે/ તેમણે એજ કામ માટેના સાક્ષી થનારાનાં ટેન્ડરો રદ્દ થવાને પાત્ર થશે.

(૮) ટેન્ડર ભરનારે આ નોટિસમાં અને ટેન્ડરનાં દસ્તાવેજોમાં જણાવેલી દરેક શરતોનું પાલન થતું હોય એવું ટેન્ડર રજુ કરવાનું રહેશે.

(૯) કાર્યહુકમ આપ્યા બાદ જે તે સ્થળે સપ્લાયીંગની કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે. સમયમર્યાદામાં વધારો થશે તો સદર બાબતે કરારના ક્લોઝ મુજબ પેનલ્ટી વસુલ કરવામાં આવશે. જે બાબતો ખાસ ધ્યાને લેવા વિનંતી.

(૧૦) વોટર કુલર/વોટર પ્યુરીફાયર સપ્લાય કરવાની કામગીરી અન્વયે સરખાજ પ્રકારની કામગીરી પુર્ણ કર્યા અન્વયેના છેલ્લા પાંચ નાણાંકીય વર્ષના અનુભવના ફોર્મ-૩એની પ્રમાણિત નકલ ટેન્ડર રકમ જેટલીજ રકમની કામગીરી સરકારી કે અર્ધસરકારી વિભાગમાં પુર્ણ કર્યા અંગેની ફોર્મ-૩એની સમરી શીટ બનાવીને ટેકનીકલ બીડ સાથે રજુ કરવાની થશે.

(૧૧) ટેકનીકલ બીડ કવર સાથે ટેન્ડર ફી તેમજ ઈ.એમ.ડી.નો ડ્રાફ્ટ / ઈ.એમ.ડી. ભર્યાની રસીદ મુકવી ફરજીયાત છે, અન્યથા આવી એજન્સીઓના પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે નહીં, જે બાબતે કોઈ તકરાર કે કાનુની અવકાશ રહેશે નેહીં.

(૧૨) ઈ-ટેન્ડરીંગ સમયે અપલોડ કરવામાં આવતા ડોક્યુમેન્ટની સાથે સાથે શીડ્યુલ-એ, મટીરીયલ ટેસ્ટીંગ તેમજ અન્ય શરતો, બોલીઓ તેમજ સુચનાઓની વિગતો મુકવામાં આવે છે, જે તમામ વિગતો ટેન્ડર ભરનાર એજન્સીએ વાંચી, સમજી તેમાં ઓથોરાઈઝડ સહી કરીને ટેકનીકલ બીડ સાથે અવશ્ય મોકલવા તેમજ આ સુચનાઓ બંનેને બંધનકર્તા રહેશે.

(૧૩) કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય અથવા તમામ ભાવપત્રકો સ્વીકારવાનો યા રદ્દ કરવાનો હક નિગમ અબાધિત રાખે છે.

(૧૪) ટેન્ડર મોકલતી એજન્સીઓએ ખાસ ધ્યાન લેવું કે ટેન્ડર કવર ઉપર પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, લેન્ડ લાઈન નંબર, ફેક્સ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ અવશ્ય લખવો.

**બાંધકામ ખાતુ,**

નં. એસટીજી-સીઈ-ટી-ઈલે-૨૦૧૪-૨૦૧૫-૬૮૭૯

ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, વહીવટી બિલ્ડીંગ

નરોડા, અમદાવાદ . તા.૧૬/૧૨/૨૦૧૪

**મુખ્ય બાંધકામ ઈજનેર**

**ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદ.**

નકલ સ. રવાના :-

(૧) એકા. ઓફિસશ્રી, (વર્કસ/ ઓડિટ) એસ.ટી., મ.ક., અમદાવાદની જાણ તથા ભાવપત્રકો ખોલવાના દિવસે હાજર રહેવા માટે.

(૨) વિ.નિ.શ્રી, અમદાવાદ, વડોદરા, નડીયાદ, ભરૂચ, સુરત, વલસાડ, મહેસાણા, હિંમતનગર, પાલનપુર, રાજકોટ, જામનગર, ગોધરા, અમરેલી, જુનાગઢ, ભુજ, ભાવનગર.

(૩) ના.ઈ.શ્રી, એસ.ટી. પેટા વિભાગ અમદાવાદ, વડોદરા, નડીયાદ, ભરૂચ, સુરત, વલસાડ, મહેસાણા, હિંમતનગર, પાલનપુર, રાજકોટ, જામનગર, ગોધરા, અમરેલી, જુનાગઢ, ભુજ, ભાવનગર.

(૪) કા.ઈ.શ્રી, રસ્તા અને મકાન, રાજકોટ, જુનાગઢ, ભરૂચ, સુરત, પાલનપુરની જાણ તથા નોટીસ બોર્ડ ઉપર મુકવા વિનંતી છે.

(૫) સીટી એન્જીનીયરશ્રી, અમદાવાદ મહાનગરપાલીકા, અમદાવાદની જાણ તથા નોટીસ બોર્ડ ઉપર મુકવા વિનંતી છે.

(૬) ડી.એ., સીની.કેશીયર., સીની.આસી., ના.ઈ. (સીવીલ), ના.ઈ. (ટેક), બાંધકામ ખાતુ, વહિવટી બિલ્ડીંગ, નરોડા, અમદાવાદ.

(૭) કા.ઈ.શ્રી, જીલ્લા પંચાયતની કચેરી, અમદાવાદની જાણ તથા નોટીસ બોર્ડ ઉપર મુકવા વિનંતી છે.

(૮) કર્મચારી નિરિક્ષક, બાંધકામ ખાતુ, વહિવટી બિલ્ડીંગ, નરોડા, અમદાવાદની જાણ તેમજ જે તે કામના ભાવપત્રકો જે તે તારીખે રજીસ્ટર પોસ્ટથી સ્વીકારવાના અને તે તારીખે સીની.કેસને રૂબરૂ આપવા.

(૯) કાર્યાલય નોટીશ બોર્ડ માટે.

(૧૦)ગુજરાત કોન્ટ્રાકટર એસો. ગજ્જર હોલ, લો-ગાર્ડન પાસે, લો-કોલેજ રોડ, એલીસ બ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

**મુખ્ય બાંધકામ ઈજનેર**

**ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, અમદાવાદ.**

બુક પોસ્ટ,

પ્રતિ,

શ્રી/મેસર્સ..........................

........................................

........................................